RAN-2501001204050002

# RAN-2501001204050002/2501000104011002

## S.Y.B.A. (Sem. - IV) Examination October - 2025

## AEC - IV Gujarati Proficiency and life Skills - IV

## Gujarati Bhasha Samarthya ane Jiven Kaushal - IV

**Time: 1 Hours ]** **[ Total Marks: 25**

| **સૂચના : / Instructions** | Seat No.: |
|---|---|
| (1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fill up strictly the above details on your answer book | Student's Signature |

**પ્ર. 1. ટૂંકા પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ પાંચ)** **(10)**

1. અનુસ્વાર કેવી રીતે દર્શાવાય છે?
2. સકર્મક ક્રિયાપદ કોને કહેવાય?
3. અનુનાસીક વ્યંજનો કયા છે?
4. ક્રિયાપદના ચાર પ્રકાર જણાવો.
5. સહાયક ક્રિયાપદની વ્યાખ્યા આપો.
6. સંક્ષેપ લેખન એટલે શું?
7. સંક્ષિપ્ત લેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બે બાબતો જણાવો.

**પ્ર. 2 અ. ટૂંક નોંધ લખો (ગમે તે એક)** **(5)**

1. અનુસ્વારના નિયમો
2. તીવ્રઅનુસ્વાર અને કોમળઅનુસ્વાર ઉદાહરણ સહિત સમજાવો.

**બ. ટૂંક નોંધ લખો (ગમે તે એક)** **(5)**

1. ક્રિયાપદના કોઈપણ ત્રણ પ્રકારો
2. ક્રિયાપદની વ્યાખ્યા અને ક્રિયાપદના બે ભેદ

**ક. નીચેનામાંથી કોઈ પણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરી, યોગ્ય શીર્ષક આપો.** **(5)**

માણસને સુધરવું હોય તો સારા વિચારની જરૂર છે, પણ સારા વિચાર ભેગા કરવા કરતાં સારી ચીજો ભેગું કરવાનું હાલના માણસોને મન થાય છે. તેથી માયા ની અસર લાગે છે. જેટલી ઝડપથી વિજ્ઞાનની શોધો આગળ વધતું રહ્યું છે તેટલી ઝડપથી નીતિ અને સંસ્કાર આગળ વધતા નથી. હાલના કાળમાં ધર્મની ભાવના ઓછી થયેલ છે, તેથી લક્ષ્ય વગર સાધન ભેગા કરવામાં આવે છે. લોકો સાધનને ફળ માની બેસે છે. સ્વરાજ સાધન છે અને બ્રહ્મજ્ઞાન ફળ છે, તેને બદલે સ્વરાજ ને ફળ માનવામાં આવે છે અને સાધનમાં મૂડીવાદ અને મજૂરીવાદ માનવામાં આવે છે. જે લોકો સત્ય અસત્યનો વિચાર કરી ન શકેતો તે એક જાતનું કમભાગ્ય છે.

**અથવા**

અભ્યાસનું મહત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે, પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દ્રઢ થતા નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ, દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે : ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે એમાં અભ્યાસ કરનારની વિવેક બુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકસના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ જ રીત અજમાવે છે. ઘણા ધર્મ ગુરૂઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાંથી વિશ્વાસ ઉઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.